ભૂમિકા :

આપણે જાણીએ છીએ કે ઋષિકાળમાં જ્ઞાનનું વિકસન, વિસ્તરણ કંઠોપકંઠ થતું. એ પછી ધીમે ધીમે લહિયાઓ દ્વારા હસ્તપ્રતો તૈયાર થઈ. સમય જતાં છાપખાનાંનો યુગ આવ્યો અને મુદ્રિત સામગ્રી જન-જન સુધી પહોંચી. પુસ્તકો અસ્તિત્વમાં આવ્યાં.એને સાચવાની વ્યવસ્થારૂપ ગ્રંથાલયો અસ્તિત્વમાં આવ્યાં અને ક્રમશઃ તેનું નૂતન આવિષ્કરણ પણ થતું રહ્યું. ગ્રંથાલયો માત્ર ગ્રંથને સાચવનારાં 'આલયો' નથી પરંતુ વાચક અને પુસ્તકને જોડનારો સેતુ છે.જ્ઞાનને વાચક સુધી પહોંચાડવાનું સબળ માધ્યમ છે.

આજના માહિતી વિસ્ફોટના યુગમાં રોજ-સેજ નવાં સંશોધનો થતાં રહે છે. આજે વિશ્વએ અવકાશ, મેડિકલ, ઈન્ફોર્મેશન અને ટેક્નોલોજી તેમજ કોમ્પ્યુટર વગેરે ક્ષેત્રોમાં નવાં નવાં સંશોધનો કર્યા છે. અને એમ દરેક સમયે જ્ઞાન વધુ સંમાર્જિત થતું રહે છે. દરેક કળાઓ પણ સમયની સાથે બદલાય છે. અને એ પરંપરામાં સાહિત્યનો વિચાર કરીએ તો તેમાં થયેલું થતું રહેલું પરિવર્તન પુસ્તકો અને સાહિત્યિક સામયિકોમાં પ્રતિબિંબિત થતું હોય છે. વળી, સાહિત્યનો વ્યાપ પણ વધ્યો છે. સર્જન વિવેચન --સંશોધન ક્ષેત્રે વ્યાપક પ્રમાણમાં વિદ્વાનો સર્જકો કાર્યરત હોય છે ત્યારે ગ્રંથાલયની વિરાટ જ્ઞાન-શ્રેણીને ખંખોળવાનું સમય શક્તિ માગી લે છે તેવા સમયે જો સાહિત્યની ચોક્કસ સૂચિ બનવવામાં આવી હોય તો વિવેચન - સંશોધન અને ભાવનમાં પણ ઘણી સુગમતા રહે. વાચક--સંશોધકને જોઈતી માહિતી મેળવવા માટે સૂચિકરણ અત્યંત ઉપયોગી કાર્ય બને છે. તેમાં તેને જોઈતી સામગ્રીનો નિર્દેશ મળી જાય છે અને તેથી તેનું કાર્ય ઘણો સમય બચાવી લે છે. આ માટે ઘણા વિદ્વાનોએ વાઙ્મયસૂચિ કે પ્રલેખ સૂચિ સ્વરૂપે સંશોધનો અને અભ્યાસો તૈયાર કર્યા છે. જે સાહિત્યના ભાવકો વિવેચકો અને સંશોધકો માટે આશીર્વાદ રૂપ છે.

શોધ નિબંધનો ઉદ્દેશ:

કોઈ પણ પ્રવૃત્તિ શરૂ કરવામાં આવે ત્યારે તે કોઈ ચોક્કસ ઉદ્દેશોથી પ્રેરાઇને સુબદ્ધ રીતે કરવામાં આવે છે. ઉદ્દેશો પ્રવૃત્તિને દિશા અને ગતિ આપે છે. વળી ઉદ્દેશના સ્પષ્ટ સુયોગ્ય ખ્યાલથી શરૂ કરેલી પ્રવૃત્તિ જ ફળદાયી રહે છે. આ યુગ જ્ઞાન વિસ્ફોટ અને માહિતી વિસ્ફોટનો યુગ છે. માહિતી પણ વિવિધ સ્વરૂપે ઉપલબ્ધ બનતી જાય છે.

બૌદ્ધિક સમજદારી અને સંવેદનાને ખીલવવાનું કાર્ય સમૂહમાધ્યમો, પુસ્તકો અને સામયિકો દ્વારા થતું આવ્યું છે. જેમાંથી સામયિકો અદ્યતન માહિતી સ્રોત છે. સામયિકોમાં પ્રસિદ્ધ થતા લેખો એ કોઇ પણ ભાષાના સાહિત્યનું મહત્ત્વનું અંગ છે. એવા ઘણા વિષયો છે કે જેના ઉપર પુસ્તક આકારે સાહિત્ય ઉપલબ્ધ નથી, પણ સામયિકોમાં લેખોના સ્વરૂપે સારી રીતે ઉપલબ્ધ થયેલું છે. આમ, સામયિકોની વૈજ્ઞાનિક પદ્ધતિથી વાડ્મયસૂચિ તૈયાર કરવાથી વાચકો, સંશોધકોને પોતાના વિષયના સંશોધનમાં દિશા સૂચન મળે છે તે સાથે જ વાચકો અને સંશોધકોનો સમય અને શક્તિ પણ બચાવી શકાય છે.

ગ્રંથાલયશાસ્ત્રના સૂત્રને સફળ બનાવવા માટે વાડ્મયસૂચિ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. માટે મારા સંશોધનનો ઉદ્દેશ વાડ્મયસૂચિ બનાવવાનો છે. સામયિકોની સંખ્યામાં ઉત્તરોતર વધારો થતો રહે છે. અને સામયિકો માહિતી મેળવવા માટેના પ્રથમ હરોળના સ્રોત બની ગયા છે. આથી સામયિકોમાં પ્રકાશિત થતા લેખોની વાડ્મયસૂચિ બનાવવાનો ઉદ્દેશ સહજ સ્વીકાર્યો છે. વાચકોને સરળતા કરી આપવાના હેતુ-ઉદ્દેશને સાર્થક કરવા લેખના કર્તા પ્રમાણેની, શીર્ષક પ્રમાણેની, વિષય પ્રમાણેની વર્ણાનુક્રમ ગોઠવણી કરીને સૂચિ બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

વિષયની પસંદગી :

ગુજરાતી સાહિત્યમાં સામયિકોની ભૂમિકા અનન્ય રહી છે. સાહિત્યિક સામયિકો એક એવું માધ્યમ છે કે જે સર્જકના તાજા અવાજનું પ્રતિબિંબ પાડે છે. સર્જાતા જતા સાહિત્યને અવલોકવાનું પ્રથમ માધ્યમ સાહિત્યના સામયિકો હોય છે. અને એથી જ કોઇ પણ ભાષામાં સાહિત્યિક સામયિકો જે તે ભાષાની વર્તમાન સર્જન પ્રક્રિયાના સાક્ષી રહ્યા હોય છે. સમય જેમ-જેમ પસાર થતો જાય છે તેમ તે સામગ્રી અન્ય સામયિકોની જેમ અર્થહીન બની જતી નથી, પરંતુ સહિત્યિક સામયિકોની સામગ્રી સાહિત્યના ઈતિહાસનું ઘડતર કરે છે અને એ રીતે સાહિત્યિક સામયિકો સાહિત્યના ઈતિહાસની આધારશીલા બને છે. સાહિત્યિક સામયિકો પર નજર નાખીએ ત્યારે સાતત્યપૂર્ણ આપણે કોઈ સર્જકની વિકાસ વિસ્તારની સ્થિત્તિ કે સર્જકતાના વળતા પાણીનો ગ્રાફ જોઇ શકીએ છીએ. એ જ રીતે કોઈ સ્વરૂપની બદલાતી સ્થિત્તિનો પણ અંદાજ આવે છે. સાથે સાથે બદલાતા જતા સર્જકીય ઉન્મેષોને પામી શકીએ છીએ. સમયાંતરે સાહિત્યમાં આવતા

પરિવર્તનો- પછી તે વિષયના સંદર્ભે હોય, ઓજારોના સંદર્ભે હોય કે નવી પ્રતિબદ્ધતાઓ પ્રગટ થતી હોય - તે બધુ જ સાહિત્યિક સામયિકોના આંગણે રચાતું આવે છે. મહત્ત્વની વાત એ છે કે સાહિત્યિક સામયિકોની સામગ્રી અન્ય પ્રકારના સામયિકો જેટલી ક્ષણજીવી નથી હોતી. વાચકો અને અભ્યાસીઓ માટે તે કાયમી સાચવી રાખવા જેવી, અવલોકવા જેવી, ભાવનનો આનંદ લેવા જેવી ચિરંજીવી સામગ્રી હોય છે. વળી, સાહિત્યના અભ્યાસુઓ, વિવેચકો, સંશોધકો માટે આ સામગ્રીનો સમયાંતરે ઉપયોગ કરવાનો થતો હોય છે. આથી સાહિત્યિક સામયિકોની વાડ્મયસૂચિ તૈયાર કરવાનું કાર્ય અત્યંત મહત્ત્વનું અને ઉપયોગી રહે છે.

ગુજરાતી સાહિત્યિક સામયિકોનું સૂચિકરણનું કાર્ય છેલ્લા કેટલાક સમયથી થોડા વિદ્વાવાનો કરી રહ્યા છે. પ્રકાશ વેગડે આ દિશામાં કરેલા કાર્યની સૌ નોંધ લે છે. આજેં રમણ સોની, કિશોર વ્યાસ વગેરે વિદ્વાનોના કાર્યની નોંધ લેવી પડે. આમ છતાં કહેવું જોઇએ કે હજુ કેટલુય ગંજાવર કામ બાકી છે. આ દિશામાં યત્કિંચિત્ ઉમેરણ કરવાના આશયથી ગુજરાતી સાહિત્યના પ્રમુખ અને ઐતિહાસિક મૂલ્ય ધરાવતા બે સામયિકો - 'બુદ્ધિપ્રકાશ' અને 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક'ની વર્ગીકૃત સૂચિ તૈયાર કરવાનું ઉચિત સમજ્યું છે.

સંશોધનનું કાર્યક્ષેત્ર :

આમ તો પ્રત્યેક સાહિત્યિક સામયિકનો પોતાનો કહી શકાય તેવો ઈતિહાસ છે અને તે સામયિકોનું સૂચિકરણનું કાર્ય મહત્વનું છે. પરંતુ મારા શોધનિબંધની મર્યાદાના કેન્દ્રમાં રહીને ગુજરાતી સાહિત્યના બે સામયિકો 'બુદ્ધિપ્રકાશ' અને 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' પસંદ કરીને તેની ઈ.સ. ૨૦૦૧ થી ૨૦૧૦ સુધીના વર્ષમાં પ્રકાશિત થયેલી સર્જન-વિવેચનની સામગ્રી વિશે વાડ્મયસૂચિ તૈયાર કરવાનું સ્વીકાર્યું છે. મારા સંશોધન વિષયની સીમારેખામાં રહી હવે પછીના પ્રકરણોમાં તેની કાર્યપદ્ધતિ મૂકી આપી છે.

પ્રકરણ : ૧

સામયિકો : સર્જન વિવેચનના સંવર્ધક પરિબળ તરીકે

આ પ્રકરણમાં મેં સામયિકો સર્જન-વિવેચનના સંવર્ધક પરિબળ તરીકે કેટલા મહત્ત્વના છે તે અર્થ, વ્યાખ્યા અને અગત્યતા રજૂ કરી સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

૧.૧ પ્રસ્તાવના

સામયિકને હું શું ઉપમા આપું? ઇચ્છો તે માહિતી આપતો જાદુઇ ચિરાગ કે પછી આધુનિક યુગનું જ્ઞાનરૂપી કલ્પવૃક્ષ? મને સામયિક માટે કલ્પવૃક્ષની ઉપમા જ વધુ ગમે છે. વાચકની રુચિ ઘડવાનું પાયાનું કામ સામયિકનું છે. તો બીજી બાજુ સાહિત્યની બદલાતી આબોહવાનો નિર્દેશ સૌ પ્રથમ સામયિકોમાંથી જ પ્રાપ્ત થતો હોઇ છે. સાહિત્યના નવાં-નવાં સ્વરૂપોનો આવિર્ભાવ સૌ પ્રથમ સામયિકોમાં દેખાય છે. સાહિત્યના નવા નવા વિચારો, સિદ્ધાંતો અને વાદો વગેરેનું પ્રાગટ્ય સામયિકોમાં થાય છે. લેખકોની પ્રયોગશીલ કૃતિઓ સામયિક દ્વારા જ ભાવક સુધી પહોંચે છે. સામયિકો આ અર્થમાં લેખનના વર્તમાનને પ્રગટ કરે છે તેમ કહી શકાય. નવા લેખકોનો પરિચય સૌ પ્રથમ સામયિકો દ્વારા ભાવકને પ્રાપ્ત થતો હોય છે. સમાજ, રાજકારણ અને આંતરરાષ્ટ્રીય ફલક પર બનતી ઘટનાઓ અને તેના પડઘાઓ કઇ રીતે પડે છે તેનો ચિતાર પણ સામયિકોમાંથી પ્રાપ્ત થઇ શકે છે. માનવજાતને હચમચાવી મૂક્તી ઘટનાઓનો સર્જક જે પ્રતિભાવ ઝીલે છે, પ્રતિસ્પંદન અનુભવે છે અને તેનું સાહિત્યકૃતિમાં અવતરણ થાય છે ત્યારે તેને વાચક સુધી પહોંચાડવાનું કામ સામયિકો કરે છે.

૧.૨ વ્યાખ્યા

સાર્થ ગુજરાતી જોડણીકોશે સામયિકો એટલે 'નિયતકાલિન / નિયત સમયે પ્રકટ થતું છાપું' એવી વ્યાખ્યા કરી છે.

૧.૩ સામયિકની અગત્યતા :

૧. સામયિકો વર્તમાનની સર્જન પ્રક્રિયાને પ્રકાશિત કરે છે.

૨. ચિંતન અને મનન માટે પ્રેરક બને છે.

૩. સામયિક અદ્યતન- અવબોધન સેવા પૂરી પાડે છે.

૪. કોઇ એક વિષય ઉપર અર્થપૂર્ણ માહિતી આપે છે.

૫. વર્તમાન પ્રવાહોથી વાકેફ રાખે છે.

૬. સંશોધનમાં માર્ગદર્શન આપે છે.

૭. શિક્ષણના સહાયક સાધન તરીકે ઉપયોગી.

૧.૪ સામયિકની મર્યાદા :

૧. સામયિકોનો ફેલાવો સિમિત હોવાને કારણે બહોળા વાચકવર્ગ સુધી પહોંચતા નથી.

૨. સામયિકનું વાચન ગ્રંથાલય પૂરતું સિમિત થઈ જાય છે.

૩. સામયિકો ખરીદવાનું સૌને પોસાય તેમ નથી.

૪. કેટલાક સામયિકો નિયમિત આવતા નથી.

૫. કેટલાક સામયિકો ગુણવત્તાસભર હોતા નથી.

. પ્રકરણ : ૨

ગુજરાતી સાહિત્યિક સામયિકો : એક ઐતિહાસિક પરિદૃશ્ય

આ પ્રકરણમાં ગુજરાતી સાહિત્યિક સામયિકોનો ઈતિહાસ તેમજ જુદા-જુદા યુગમાં સાહિત્યના બદલાતા મિજાજનું પ્રતિબિંબ કેવુ પડે છે તે દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે.

૨.૧ પ્રસ્તાવના

પત્રકારત્વનો પ્રારંભ થયો ત્યારે સામાજિક જીવનના સમાચારોનું પ્રાધાન્ય હતું. એ પછી રાજકીય, સાંસ્કૃતિક પ્રવૃત્તિ ઓ વધતા એ ઘટનાઓએ મહત્ત્વનું સ્થાન લીધું. જીવનના અનેકવિધ ક્ષેત્રો પરત્વેના સહજ વિસ્મયના કારણે આ પ્રવૃત્તિ ધીમે ધીમે વિસ્તરતી થઇ અને એના કારણે પત્રકારત્વનું માળખું બદલાતું ગયું. દૈનિક અખબારોમાં પ્રકાશિત થતા ઘણા વિષયોમાં જનમનરંજકતા અને સર્વલક્ષિતા કેન્દ્રમાં રાખવામાં આવતી હોવાથી કોઇપણ વિષયનો તલસ્પર્શી અને મર્મગ્રાહી અભ્યાસ આપવાનું અશક્ય હતું. વિષયની ઊંડાણભરી માહિતી અને સઘન જ્ઞાન મેળવવા જે તે વિદ્યાશાખાના સામયિકો ઉદ્‌ભવ્યા અને એ રીતે ક્રમશ: સાહિત્યના સામયિકો વિકસાવવાનું વાતાવરણ તૈયાર થતું ગયું. સામયિકો મુખ્યત્વે સર્જકની સર્જકીય સજ્જતા કેળવવામાં અને ભાવકની ભાવત્રિયી પ્રતિભા ઘડવામાં, નવી આબોહવા રચી આપવાની પ્રક્રિયા દાખવે એવા સામયિકોને સાહિત્યિક સામયિક તરીકે આપણે ઓળખીએ છીએ.

ગુજરાતી સામયિકોનો ભવ્ય ઈતિહાસ છે. સાહિત્યના બદલાતા મિજાજનું પ્રતિબિંબ સાહિત્યિક સામયિકોમાં પડ્યું છે. જે તે સમયગાળાના સામયિકોની પ્રકાશિત સામગ્રી જે તે યુગનાં

ગુણ, લક્ષણો અને ઉન્મેષોથી સભર છે. ગુજરાતી ભાષાના વિદ્વાનોએ અર્વાચીન ગુજરાતીના પ્રવાહનું યુગ વિભાજન કર્યું છે. એ યુગ વિભાજન સ્વીકારી, એ પ્રમાણે પ્રત્યેક યુગનાં સાહિત્યિક સામયિકોનું વિહંગાવલોકન આપી તે યુગનાં સાહિત્યિક સામયિકોનો પરિચય આપવા પ્રયત્ન કર્યો છે.

૨.૨ દલપત-નર્મદયુગનાં (સુધારકયુગ) સાહિત્યિક સામયિકો:

અહીં દલપત-નર્મદયુગનાં (સુધારકયુગ) મુખ્ય સામયિકોનો પરિચય આપવા પ્રયત્ન કર્યો છે. 'બુદ્ધિપ્રકાશ', 'સત્યપ્રકાશ', 'ગુજરાત શાળાપત્ર', 'ડાંડિયો' વગેરે સામયિકોની સાહિત્યિક સેવાની નોંધ લીધી છે. પ્રસ્તુત સામયિકોની શરૂઆત, શરૂઆત કરવા પાછળની ભૂમિકા તેમજ તે સામયિકોની વિશેષતાઓ ચીંધી બતાવી છે.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી ૧૮૫૪માં 'બુદ્ધિપ્રકાશ' પ્રગટ થયું. 'બુદ્ધિપ્રકાશ'માં તંત્રી કવિ દલપતરામે ગુજરાતમાં થતી સાહિત્ય પ્રવૃત્તિઓ, કવિતા અને નિબંધોનું પ્રકાશન કર્યું.

૧૮૫૫માં કરશનદાસ મૂળજીએ મિત્રોની મદદ લઇને 'સત્યપ્રકાશ' નામનું સામયિક શરૂ કરેલું. ૧૮૬૨માં શરૂ થયેલું નવલરામનું 'ગુજરાત શાળાપત્ર' એ સૌથી વધુ ધ્યાન ખેંચતું સામયિક છે.

જાગૃતિના પ્રહરી તરીકે બહુચર્ચિત એવા 'ડાંડિયો'ની શરૂઆત ૧૮૬૪માં નર્મદે કરેલી. 'ડાંડિયો' ૧૮૭૦માં સન્ડે રિવ્યુ સાથે જોડાઈ ગયું.

૨.૩ પંડિતયુગનાં સાહિત્યિક સામયિકો :

પંડિતયુગમાં 'ગુજરાતી', 'પ્રિયંવદા', 'સુદર્શન', 'જ્ઞાનસુધા', 'વસંત' જેવા સાહિત્યિક સામયિકો પ્રગટ થયા અને ગુજરાતમાં ખૂબ જ બહોળા પ્રમાણમાં સ્વીકૃતિ પામ્યા.

આ સામયિકોના સાહિત્યિક પ્રદાનની નોંધ લેવા પ્રયત્ન કર્યો છે. સાથોસાથ આ બધા સાહિત્યિક સામયિકોનો પરિચય મળી રહે તેવો પ્રયત્ન કર્યો છે.

૧૮૮૦માં શરૂ થયેલું 'ગુજરાતી' અને ૧૯૧૬માં શરૂ થયેલું 'વીસમી સદી' વચ્ચેનો ગાળો પંડિતયુગ તરીકે ઓળખાય છે. મણીલાલ ત્રિવેદીએ ૧૮૮૫માં 'પ્રિયંવદા' નામનું સામયિક સ્ત્રી

કેળવણીને કેન્દ્રમાં રાખીને શરૂ કર્યું, 'પ્રિયંવદા' નામથી ચાલતું સામયિક ઓક્ટોબર ૧૮૯૦થી 'સુદર્શન' ના નામે પ્રગટ થવા લાગ્યું. હવે તેમની સામે માત્ર સ્ત્રીઓ જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતનો બહોળો શિક્ષિત સમુદાય છે. પંડિતયુગનાં સાહિત્યિક પત્રકારત્વનું બીજું ઉત્તુંગ શિખર એટલે રમણભાઇ નિલકંઠનું 'જ્ઞાનસુધા'. આ ઉપરાંત ઇ.સ. ૧૮૯૬માં ભગુભાઇ ફતેહચંદ 'સમાલોચક'ના શ્રી ગણેશ કરે છે. તેમજ આનંદશંકર ધ્રુવ ૧૯૦૨માં 'વસંત' સામયિક શરૂ કરેલું જેની નોંધ લેવી જોઈએ.

૨.૪ ગાંધીયુગનાં સાહિત્યિક સામયિકો :

ગાંધીયુગમાં મુખ્યત્વે 'વીસમી સદી', 'ચેતન', 'નવજીવન', 'ગુજરાત', 'કુમાર', 'કૌમુદી', 'સંસ્કૃતિ' અને તે 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' અત્યંત મહત્ત્વના સાહિત્યિક સામયિકો પ્રકટ થયા અને સ્થિર થયા.

ગુજરાતમાં ગાંધીના આગમન પહેલા સાક્ષરી પ્રવૃત્તિ હેઠળ ધર્મ, સમાજ અને સાહિત્યને લગતી વિશદ ચર્ચાઓ થતી હતી. ગાંધીજીએ આ ક્ષેત્રને વ્યાપક બનાવ્યું.

૧૯૧૬માં હાજી મહંમદ અલ્લારખિયાએ 'વીસમી સદી' નો આરંભ કર્યો. 'નવજીવન'નો સાપ્તાહિક રૂપનો પહેલો અંક ગાંધીજીનાં તંત્રીપદ નીચે ૧૯૧૯ના સપ્ટેમ્બરની સાતમીએ બહાર પડ્યો. બટુભાઇ ઉમરવાડિયાના હાથ નીચે 'ચેતન' નામનું માસિક ૧૯૨૦માં શરૂ થયેલું.

૧૯૨૦માં શરૂ થયેલા 'ગુજરાત'મા ભારતીય સંસ્કૃતિ અને સમાજ-જીવનમાં રહેલી રસિકતાનું પ્રતિબિંબ જોવા મળે છે. ચાંપશીભાઇ ઉદ્દેશીએ ૧૯૨૨માં 'નવચેતન' શરૂ કર્યું. 'ગુજરાત' માંથી છૂટા થયા પછી વિજયરાય વૈધ 'કૌમુદી' નામનું માસિક શરૂ કર્યું અને 'કૌમુદી' માંથી છૂટા થયા પછી ૧૯૩૫માં તેમણે 'માનસી' ત્રૈમાસિક શરૂ કર્યું.

૧૯૨૪માં 'આવતીકાલના નાગરિકો માટે'નું 'કુમાર' નો પ્રારંભ થયો. ફાર્બસ ગુજરાતી સભાનું પ્રાણવાન સાહિત્યિક સામયિક તે 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' ૧૯૩૬થી આરંભાયેલું.

ઉમાશંકર જોશી ૧૯૪૬માં ગુજરાત વિદ્યાસભમાંથી મુક્ત થયા પછી તેમણે સામયિક કાઢવાનો વિચાર કર્યો અને 'સંસ્કૃતિ' નો ઉદ્‌ભવ ૧૯૪૭માં થયો. ગાંધી યુગનાં સામયિકોએ સફળતાપૂર્વક ઉછેરભૂમિનું કામ કર્યું છે.

૨.૫ આધુનિકયુગનાં સાહિત્યિક સામયિકો :

આ યુગમાં સુરેશ જોષી 'મનીષા', 'ક્ષિતિજ', 'સમ્પુટ', 'ઉહાપોહ', 'એતદ્', સેતુ' જેવા સાહિત્યિક સામયિકો દ્વારા ગુજરાતી સાહિત્યમાં નાની-મોટી અનેક ચર્ચાઓને પ્રગટાવે છે. અને સ્થગિત વાતાવરણમાં ખળભળાટનો આરંભ થાય છે.

આધુનિકતાના આંદોલનનો સૌ પ્રથમ પ્રભાવ યુવા સર્જકો લાભશંકર ઠાકર, ચિનુ મોદી વગેરે ઝીલે છે તેઓ 'રે' મઠ સ્થાપે છે અને 'ઉન્મૂલ' સામયિક પ્રસિદ્ધ કરે છે. અને 'રે' મિત્રોનું ત્રીજું સામયિક તે 'કૃતિ' 'કૃતિ'નો પ્રથમ અંક ૧૯૬૮માં પ્રગટ થયો.

રતિલાલ અનિલે 'કંકાવટી' એકલે હાથે ચલાવેલું. આ સામયિક અનેક રીતે ધ્યાનપાત્ર છે. જ્યોતિષ જાનીએ બે તબક્કે 'સંજ્ઞા' ના પંદરેક અંકો આપ્યા. યશવન્ત દોશીના તંત્રીપદે ૧૯૬૪માં 'ગ્રંથ' શરૂ થયું. 'ગ્રંથ' વીસ વર્ષ ચાલ્યું. 'ગ્રંથ' માં પ્રગટેલી કેટલીક પત્ર ચર્ચાઓ મહત્વની છે.

- આ ઉપરાંત માત્ર બે જ વર્ષ ચાલેલું 'સાહિત્ય' સામયિક તેમાં પ્રગટ થતી સત્ત્વશીલ કૃતિઓને કારણે ધ્યાનાર્હ બને છે. 'કવિલોક' અને 'કવિતા' જેવાં કાવ્યકેન્દ્રી સામયિકો ઘણાં વર્ષથી ચાલે છે.

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રકાશિત 'ભાષાવિમર્શ' જેવું વિદ્વદ્ભોગ્ય સામયિક ગુજરાતમાં અગિયાર વર્ષ ચાલ્યું. 'નવનીત' નું અલગ પ્રકાશન બંધ થયું અને તે 'સમર્પણ' સાથે જોડાઇ 'નવનીત સમર્પણ' બન્યું.

આધુનિકયુગનાં સામયિકોએ વિશેષ રીતે તો ગુજરાતી ભાષાની સાહિત્યિક આબોહવાને બદલવાનું સીમાસ્તંભ રુપ કાર્ય કર્યું.

૨.૬ અનુ-આધુનિકયુગનાં સાહિત્યિક સામયિકો :

આધુનિકયુગમાં સ્થગિત થઇ ગયેલી આબોહવાને ફરીવાર જીવંત કરવા માટે આ યુગનાં સાહિત્યક સામયિકો મહત્વની ભૂમિકા અદા કરે છે.

'ગદ્યપર્વ' ભરત નાયક-ગીતા નાયક દ્વારા પ્રગટ થાય છે. 'ગદ્યપર્વ' નું અર્પણ સમયસરનું અને મૂલ્યવાન રહ્યું છે. 'વિ વિદ્યાનગર' સામયિક, વલ્લભવિદ્યાનગરની સ્થાપના

કરનાર ચારુતર વિદ્યામંડળનું મુખપત્ર હતું. સુમન શાહનું 'ખેવના' સર્જન ઉપરાંત આધુનિક સાહિત્યને લગતા વિવાદોથી ગાજતું રહેતું. ૧૯૯૧થી મણિલાલ હ.પટેલનાં સંપાદન હેઠળ 'દસમો દાયકો' સામયિક પ્રગટ થયું.

'તથાપિ' અને 'સમીપે', બન્ને સામયિકોમાં પરંપરાગત આધુનિક પ્રીતિ છે તો સાથે અનુ-આધુનિક પરિબળોનો લગાવ પણ છે.

અનુ-આધુનિકયુગનાં સામયિકો ફરી વખત જીવનના જીવંત ધબકાર સાથે પ્રગટ થાય છે.

૨.૭ સાંપ્રત સામયિકો :

સાંપ્રત સમયના સામયિકો વિશે ચર્ચા કરવાનો મતલબ અનુ-આધુનિકયુગ પછીના યુગની ચર્ચા નથી પરંતુ ગુજરાતી સાહિત્યિક સામયિકના ઇતિહાસલક્ષી આલેખન અને પરિચયના સમાપન રૂપે આજના સમયમાં સાહિત્યિક સામયિકોની દશા અને દિશા ઇંગીત કરવાનો છે. ગુજરાતની જાણીતી સાહિત્ય સંસ્થાઓ દ્વારા એના મુખપત્ર રૂપે સામયિકનું પ્રકાશન થાય છે. ગુજરાતી સાહિત્ય પરિષદનું 'પરબ' અને ગુજરાતી સાહિત્ય અકાદમીનું 'શબ્દસૃષ્ટિ' માસિકમાં સંસ્થાના પ્રવૃત્તિ અહેવાલો, સ્વાધ્યાય લેખો આપીને સાહિત્ય સામયિક તરીકે યથાર્થતા નિભાવી છે. મફત ઓઝાએ ૧૯૮૭માં શરૂ કરેલું સાહિત્યિક સામયિક 'તાદર્થ્ય ' એના તંત્રીલેખ અને વિશ્વપ્રસિદ્ધ નવલકથાઓના અનુવાદ સમીક્ષાને કારણે જાણીતું થયું છે.

રમણ સોનીએ 'પ્રત્યક્ષ' નામનું ત્રૈમાસિક ૧૯૯૧માં શરૂ કર્યું. જેમાં કૃતિલક્ષી સમીક્ષાઓ પ્રગટ થાય છે. તો જયેશ ભોગાયતાએ 'તથાપિ' ત્રૈમાસિક શરૂ કર્યું. જેમાં કાવ્યો, વાર્તાઓ, અનુવાદ, સમીક્ષા જેવી સામગ્રી આપવામાં આવે છે. કવિતા અને વિવેચનનાં ક્ષેત્રમાં 'એતદ્' નું કામ આજે પણ નોંધપાત્ર છે.

'કવિતા' અને 'કવિલોક' કાવ્યપ્રેમીઓના માનીતા રહ્યા છે. અંબાલાલ જાની તથા મંજુ ઝવેરીથી માંડી હાલના સંપાદક સિતાંશુ યશશ્ચંદ્ર સુધીની એક યશસ્વી પરંપરા 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' ને પ્રાપ્ત થઈ છે.

નાટક સ્વરૂપને વરેલા 'નાટક' અને 'નાંદીકાર' જેવા સામયિકોમાં નાટ્યપ્રવૃત્તિઓ, પ્રયોગો અને નાટ્યાભ્યાસ ઠીક ઠીક પ્રગટ થઇ રહ્યાં છે.

ગુજરાતી ભાષાના આજના સામયિકોનું ચિત્ર ઉજ્જવળ અને આશાવંત છે. ભવિષ્યમાં પણ આ સામયિકો પોતાની નિષ્ઠા અને સાહિત્ય ખેવનાથી કાર્યરત હશે તેવી આશા જન્મે છે.

પ્રકરણ : 3

વાઙ્મયસૂચિ : એક સંદર્ભસ્રોત

આ પ્રકરણમાં જ્ઞાન-સંદર્ભના સાધન તરીકે વાઙ્મયસૂચિનો મહિમા દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે.

3.૧ પ્રસ્તાવના

બીજા વિશ્વયુદ્ધ પછી જીવનના ઉન્મેષો ફરી કોળતા જતા હતા. વિદ્યાઉપાસનાની પ્રવૃત્તિઓ પણ નવ સંચાર પામી રહી હતી. પુસ્તકો, સામયિકો, પરિષદો જેવી વિદ્યાઉપાર્જનની આ પ્રવૃત્તિ ઓની વસંત ફરી ખીલી હતી. આમ, માહિતીના ગંજમાં ખોવાયેલી સોય શોધવી પડે તેવો ઘાટ થાય અને જ્ઞાન સુલભ ન બને તેનો અર્થ નહી. આ સમસ્યાના ઉકેલ માટે ગ્રંથાલયવિજ્ઞાને વાઙ્મયસૂચિનો કીમિયો આપ્યો. આ વાઙ્મયસૂચિઓ આપણા અધ્યયનક્ષેત્રના આધારતંત્રનો એક સ્તંભ છે.

વાઙ્મયસૂચિ વાચકોને ગ્રંથવિશ્વનું તાદૃશ દર્શન કરાવે છે. જેમ વિમાનચાલકને કે વહાણચાલકને અવકાશ કે દરિયામાં સફર શરૂ કરતા નકશા કે ચાર્ટની આવશ્યકતા રહે છે, તેમ આધુનિક ગ્રંથાલયોમાં વાચકને વિષય સફર શરૂ કરતાં પહેલા નકશા કે ચાર્ટરૂપી વાઙ્મયસૂચિની આવશ્યકતા રહે છે.

બેસ્ટમેનના કહેવા મુજબ પ્રથમ વાઙ્મયસૂચિ 'Librede Scriptoribus ecclesiaticis' ૧૪૯૪માં છપાઈ હતી. જેનું સંકલન જોહાન ટ્રીથેઇમ એ કર્યું હતું. ત્યારબાદ વાઙ્મયસૂચિના પિતા કોનરાડ ગેસનરે વિશ્વના વિદ્વતાભર્યા પ્રકાશનોની યાદી તૈયાર કરીને યુનિવર્સલ બિબ્લિઑગ્રાફિ રચવાનો પ્રથમ પ્રયાસ કર્યો અને પ્રખ્યાત 'બિબ્લિઑથેકા યુનિવર્સાલીઝ' ૧૫૪૫માં પ્રકાશિત થઇ.

૩.૨ વાઙ્મયસૂચિનો અર્થ અને વ્યાખ્યા:

માનવીય જ્ઞાનના મહામૂલા અવશેષોની જાળવણી અને તેને ભાવિ પેઢી સુધી ઉપલબ્ધ બનાવવાનું એક માધ્યમ એટલે વાઙ્મયસૂચિ. તે સાહિત્ય અને સંશોધનની સમૃદ્ધિ દર્શાવે છે, સંસ્કૃતિનું રક્ષણ કરે છે અને શિક્ષણને વેગ આપે છે. આમ, વાઙ્મયસૂચિ જ્ઞાનના વારસાનું દર્શન કરાવે છે, વર્તમાન અભ્યાસ-સંશોધનોને માર્ગદર્શન આપે છે અને ભાવિ પેઢી માટે તેનું સંરક્ષણ કરે છે.

વાઙ્મયસૂચિ એ એક વિશિષ્ટ વ્યાપ્ત વિષય છે. જેની ચર્ચા સમયના વહેણ સાથે જુદા-જુદા અર્થો, માન્યતાઓ અને સંદર્ભોમાં વિવિધ વિદ્વાનો, વિવેચકો, સંશોધકોએ યથા સમયે કરી છે. વાઙ્મયસૂચિનું કાર્યક્ષેત્ર ખૂબ જ વિશાળ છે.

વાઙ્મયસૂચિ શબ્દનો સર્વ પ્રથમ પરિચય કરાવવાનો શ્રેય લ્યુસ જેકોબ સેંટ ચાર્લ્સને ફાળે જાય છે. આ શબ્દની વ્યુત્પત્તિ ગ્રીક ભાષામાં બે શબ્દો દ્વારા થઇ છે. 'બિબ્લિઓન' તથા 'ગ્રાફિન' શબ્દકોશના સહારે અર્થઘટન કરીએ તો 'બિબ્લિઓન' નો અર્થ ગ્રંથ થાય જ્યારે 'ગ્રાફીન' નો અર્થ 'લેખન' થાય છે.

વ્યાખ્યા :

Webster's New World Dictionary, 2nd Ed. College Edition 1972 માં તેની વ્યાખ્યા નીચે પ્રમાણે જોવા મળે છે.

(૧) The Study of Edition, Dates, Writing. પુસ્તકો તથા અન્ય લખાણોની આવૃત્તિઓ, તિથિઓ, કર્તૃત્વ વગેરેનો અભ્યાસ.

જાગૃત વિવેચક શ્રી જ્યોર્જ સ્નાઇડરે તેમના પુસ્તક 'Handbook for Bibliography' માં વાઙ્મયસૂચિની વ્યાખ્યા આ પ્રમાણે આવી છે.

'Preparation of the List of Books'

શોર્સના મત મુજબ સંસ્કૃતિની લેખિત, મુદ્રિત કે અન્ય પ્રકારની ઉપલબ્ધ માહિતીની યાદી, જેમાં પુસ્તકો, કમિકો, ચિત્રો, નક્શાઓ, ફિલ્મ, રેકોર્ડિંગ્સ, સંગ્રાહલયની વસ્તુઓ, હસ્તપ્રતો

અને બીજા કોઇપણ પ્રકારના પ્રત્યાયનના માધ્યમોનો સમાવેશ થતો હોય તેને વાડ્મયસૂચિ તરીકે ઓળખવામાં આવે છે.

૩.૪ વાડ્મયસૂચિનો હેતુ અને જરૂરિયાત :

મુદ્રણના આવિષ્કારને લીધે પુસ્તકોની અનેક નકલો તૈયાર થવા લાગી અને જથ્થાબંધ સાહિત્યમાંથી જોઈતી સામગ્રીની ભાળ મેળવવા માટે વાડ્મયસૂચિઓની જરૂરિયાત સ્પષ્ટ પણે સ્થાપિત થઇ. વાચકનું વાચનસામગ્રી સાથે મધુર-મિલન કરાવનાર વાડ્મયસૂચિ એ માર્ગદર્શક ભોમિયો છે. વાડ્મયસૂચિ પ્રાથમિક કક્ષાએ ત્રણ મૂળભૂત હેતુ માટે ઉપયોગી છે.

૧. ઓળખ અને ચકાસણી

૨. સ્થાન નિર્દેશ

૩. પસંદગી કરવી

૩.૪ વાડ્મયસૂચિની શાખાઓ :

૧. પદ્ધતિસર અથવા ગણનાક્ષમ વાડ્મયસૂચિ

૨. પૃથક્કરણીય વાડ્મયસૂચિ

૩. ઐતિહાસિક વાડ્મયસૂચિ

અંતમાં એવું કહેવાય છે કે વાડ્મયસૂચિ વિના સંસ્કૃતિબોધક દસ્તાવેજો, જ્ઞાનક્ષેત્રના વિવિધ પ્રદાનો અવ્યવસ્થિત અને અનુપયુક્ત એવો અજ્ઞાન અરણ્યપ્રદેશ જ બની રહે.

પ્રકરણ : ૪

'બુદ્ધિપ્રકાશ'ની સર્જન-વિવેચન સંશોધન સામગ્રીની વર્ગીકૃત સૂચિ અને સમીક્ષા

આ પ્રકરણમાં મેં 'બુદ્ધિપ્રકાશ' નો પરિચય આપી ઇ.સ. ૨૦૦૧ થી ૨૦૧૦ સુધીના અંકોમાં પ્રકાશિત થયેલી સર્જન વિવેચન સામગ્રીની વાડ્મયસૂચિ તૈયાર કરી સમીક્ષાત્મક નિરીક્ષણો રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.

૪.૧ 'બુદ્ધિપ્રકાશ' નો સામયિક તરીકે વિકાસ :

'બુદ્ધિપ્રકાશ' ગુજરાત વિદ્યાસભાનું મુખપત્ર છે અને ગુજરાતી ભાષાના સૌથી જૂના સામયિક તરીકે 'બુદ્ધિપ્રકાશ' નો ઉલ્લેખ થાય છે. ઇ.સ. ૧૮૫૪થી આજ સુધી એટલે ૧૬૦ વર્ષથી સતત પ્રકાશિત થાય છે.

ગુજરાતનો એ સમયગાળો અત્યંત વિલક્ષણ ગણાય છે. અંગ્રેજ શાસનમાં વિદ્યાના પ્રતાપે પોતાના પ્રદેશની અસ્મિતા, ઈતિહાસ અને સાહિત્ય જાણવાની તરસ નિર્મિત થયેલી હોવાનું વિદ્વાનોએ નોંધ્યુ છે. એ સમયે ફાર્બસસાહેબ અમદાવાદમાં ન્યાયધીશ તરીકે આવે છે. ગુજરાતી પ્રજામાં શિક્ષણ અને સાહિત્યનો પ્રસાર થાય, પુસ્તકોનું પ્રકાશન થાય અને તેઓ વાંચતા થાય તે માટે તેમણે ૧૮૪૮માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કરી.

આ સમયગાળામાં અમદાવાદમાં 'બુદ્ધિપ્રકાશ' નામનું એક મંડળ હતું. તેમણે એજ નામનું એક ચોપનિયું ૧૮૫૦ની સાલમાં પ્રસિદ્ધ કર્યું. તે પાક્ષિક હતું. તેની પૃષ્ઠ સંખ્યા ૧૬ હતી. અને કિંમત દોઢ આનો હતી. એ બરાબર ચાલ્યું નહિં, ફરીવાર કોઇ વિદ્યાભ્યાસક મંડળે તે પ્રસિદ્ધ કર્યું. 'બુદ્ધિપ્રકાશ' માસિક નિયમિત ચલાવવાની જવાબદારી એ મંડળને ભારે પડવા માંડી એટલે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ 'બુદ્ધિપ્રકાશ' માસિક પોતાના હસ્તક લીધું અને તેનું સંપાદનકાર્ય તે વખતના સોસાયટીના સહાયક મંત્રી હરિલાલ મોહનલાલને સોંપ્યું, પરંતુ તે છૂટા થતા 'બુદ્ધિપ્રકાશ' ફરી ડામાડોળ થયું. એ સમયે કવિ દલપતરામ કે જેઓ ફાર્બસના મિત્ર હતા અને સાદરામાં સરકારી નોકરી કરતાં હતા તેને નોકરી છોડાવીને ફાર્બસે તેમને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનાં મંત્રી તરીકે બોલાવી લીધા અને 'બુદ્ધિપ્રકાશ' નું સંપાદન કાર્ય ૧૮૫૫માં કવિ દલપતરામને ભાગે આવ્યું. તેમણે ૨૪ વર્ષ સુધી ગુજરાતના સાહિત્યિક અને સાંસ્કૃતિક જીવનની અનેકવિધ દિશાઓમાં પ્રેરવા પોષવાનું યુગવિધાયક કાર્ય કર્યું.

૪.૨ લેખક સૂચિ:

'બુદ્ધિપ્રકાશ' સામયિકની ૨૦૦૧ થી ૨૦૧૦ સુધીના વર્ષોની લેખકસૂચિ અહીં રજૂ કરવામાં આવી છે. આ વાડ્મયસૂચિ ક્રમાવારી મુજબ ગોઠવવામાં આવી છે. આ સૂચિની નોંધો

ક્લાસિફાઇડ કેટલોગ કોડ મુજબ તૈયાર કરી છે. લેખકસૂચિની નોંધોમાં નીચે મુજબની માહિતીનો સમાવેશ થાય છે.

લેખકની અટક (નામ અને પિતાનું નામ).

લેખનું નામ.

સામયિકનો ગ્રંથ નં-અંક નં (વર્ષ), પૃષ્ઠ સંખ્યા.

નોંધના નમૂના :

ક્રમાંક	**લેખક સૂચિ**	**સંપુટ**
૧.	ઉશનસ્	કવિતા
	મકરસંક્રાન્તિએ.	
-	૧૫૩ ૨ (૨૦૦૬), પૃ. ૩૬.	
૨.	કાનપરિયા (લાલજી).	કવિતા
	જીવતર કેવો ખેલ?	
-	૧૫૩ ૪ (૨૦૦૬), પૃ. ૧૨.	
૩.	કેશરશિવમ્ (બી).	વાર્તા
	જામીન.	
-	૧૫૩ ૧૧ (૨૦૦૬), પૃ. ૯-૧૦.	
૪.	ત્રિવેદી (યશવંત).	કવિતા
	ચૈત્રના શેષપ્રહરના સ્વપ્નસુધી.	
-	૧૫૩ ૨ (૨૦૦૬), પૃ. ૩૬.	
૫.	પટેલ (જિતેન્દ્ર)	વાર્તા
	ચૂલો.	
-	૧૫૩ ૫ (૨૦૦૬), પૃ. ૭-૯.	

૪.૩ વિષય સૂચિ :

આ વિષય સૂચિ ડ્યૂઇ દશાંશ વર્ગીકરણ મુજબ ગોઠવવામાં આવી છે. દરેક સૂચિ સામે દર્શાવેલો ક્રમાંક લેખક સૂચિનો છે.

૧. કવિતાસંપુટ	ક્રમાંક
ચૈત્રના શેષપ્રહરના સ્વપ્ન સુધી.	૪
જીવતર કેવો ખેલ?	૨
મકરસંક્રાન્તિએ.	૧

૨. વાર્તાસંપુટ	ક્રમાંક
ચૂલો	૫
જામીન	૩

૪.૪ શીર્ષક સૂચિ:

આ સૂચિ ગુજરાતી વર્ણમાલા મુજબ ગોઠવી છે. દરેક સૂચિની સામે દર્શાવેલો ક્રમાંક લેખક સૂચિનો છે.

ચ	ચૂલો.	૫
	ચૈત્રના શેષપ્રહારના સ્વપ્નસુધી.	૪
જ	જામીન.	૩
	જીવતર કેવો ખેલ?	૨
મ	મકરસંક્રાન્તિએ.	૧

૪.૫ સમીક્ષાત્મક નિરીક્ષણો:

'બુદ્ધિપ્રકાશ' આપણું સૈકા જૂનું સામયિક છે. ઇ.સ. ૧૮૫૪માં બુદ્ધિપ્રકાશ શરૂ થયું ત્યારથી માંડીને આજ સુધીનાં વર્ષોનો સામયિકનો ઈતિહાસ ઘણો રોમાંચક છે. એ એક બૃહદ અધ્યયનનો વિષય છે. આ પ્રકરણમાં નીચે મુજબના સમીક્ષાત્મક નિરીક્ષણો આપવાનો પ્રયત્ન કર્યો છે.

- 'બુદ્ધિપ્રકાશ' અત્યંત નોંધપાત્ર એવી સાહિત્યિક પત્રકારત્વની ઘટના છે.
- ૧૬૦ વર્ષના સમયગાળામાં પ્રકાશિત થતી સામગ્રી ગુજરાતના ૧૬૦ વર્ષના પરિવર્તનનું યથોચિત્ પ્રતિબિંબ પાડે છે.
- 'બુદ્ધિપ્રકાશ' માં 'પ્રાસંગિક'ની પરંપરા રહી છે આ પરંપરા આપણા સતત બદલાતા જતા વાતાવરણને અંકે કરીને તેને દસ્તાવેજી મૂલ્ય આપે છે.

- 'બુદ્ધિપ્રકાશ' નું ગુજરાતી સાહિત્યના ઘડતરમાં મૂલ્યવાન યોગદાન રહ્યું છે.
- સાંપ્રત બનાવો પરનો સંપાદકોનો દૃષ્ટિકોણ ચિંતનશીલ છે.
- ઇ.સ. ૧૮૫૫માં પ્રકાશિત થયેલું દલપતરામનું ગદ્ય અને પછી સતત ગુજરાતી ગદ્યની વિકાસરેખા જોતા લાગે કે ગુજરાતી ગદ્યનું ઘડતર સુંદર રીતે થયેલું જોવા મળે છે.
- 'બુદ્ધિપ્રકાશ' અનેક પ્રતિભાસંપન્ન સાહિત્યકારોની માવજત પામતું રહ્યુ છે.
- 'બુદ્ધિપ્રકાશ' નું સંપાદન ૧૯૬૦ની સાલમાં મધુસૂદન પારેખને સોંપવામાં આવ્યું ત્યારે સામયિકને વિદ્વદ્‌ભોગ્ય હતું તેને લોકભોગ્ય બનાવવાનું નક્કી થયું.
- વધુ લોકો કવિતા લખતા શીખે એ ઉદ્દેશથી 'બુદ્ધિપ્રકાશ' માં પિંગળની લેખમાળા શરૂ કરવામાં આવેલી.
- છેલ્લા દાયકાથી વિશિષ્ટ અભ્યાસ દિશાના વિશેષાંકો 'બુદ્ધિપ્રકાશ' આપી શક્યું નથી.
- ગુજરાતી સાહિત્યના વિદ્વાનો અને નવોન્મેષ સર્જકોને આકર્ષવામાં તે નિષ્ફળ જણાય છે.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી દ્વારા ૧૬૦ વર્ષથી પ્રકાશિત થતા સામયિક લેખે આપણે 'બુદ્ધિપ્રકાશ'નો વિચાર કરીએ છીએ, ત્યારે તેણે સાહિત્યક પ્રવૃત્તિઓનું કેવુ પોષાક વાતાવરણ રચ્યું હશે તેનો અંદાજ મળે છે. વિશ્વનાથ ભટ્ટ આ અંગે કહે છે – 'આપણા જીવનના જૂના અને નવા જમાનાને તેણે સાંકળ્યા છે અને આજ સુધી વાચકને પશ્ચાત્ય વિદ્યા સંસ્કૃતિના પ્રારંભની અસરના ઉત્સાહમય દિવસો સુધી દોરી જવાનું એનામાં સાહસ છે.' 'બુદ્ધિપ્રકાશ'નો ૧૬૦ વર્ષનો ઇતિહાસ આપણા સામાજિક, સંસ્કૃતિક અને સાહિત્યિક ચેતનાનો દસ્તાવેજ છે.

પ્રકરણ – ૫

'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' ની સર્જન-વિવેચન સંશોધન સામગ્રીની વર્ગીકૃત સૂચિ અને સમીક્ષા

મારા આ સંશોધન કાર્યમાં 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' સામયિકનો સંપૂર્ણ પરિચય મળે તેવો પરિચયાત્મક આલેખ આપવાનો પ્રયત્ન કર્યો છે. અને ત્યાર પછી આ સામયિકની ઇ.સ. ૨૦૦૧ થી ૨૦૧૦ સુધીના અંકોમાં પ્રકાશિત થયેલી સર્જન-વિવેચન સંશોધન સામગ્રીની વાઙ્મયસૂચિ તૈયાર કરી સમીક્ષાત્મક નિરીક્ષણો આપ્યા છે.

૫.૧ 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' નો સામયિક તરીકે વિકાસ

સાહિત્ય, વિવેચન અને સંશોધન તેમજ અન્ય વિદ્યાશાખાઓના માતબર અને દીર્ઘ અભ્યાસ લેખોને પ્રગટ કરતું 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' ૧૯૩૬માં શરૂ થયેલું. તેના પહેલા અંકના તંત્રી અંબાલાલ બુલાખીરામ જાની હતા. મુંબઇ ખાતેથી ફાર્બસ ગુજરાતી સભા તેનું સંચાલન કરે છે.

ફાર્બસ ગુજરાતી સભા ખરા અર્થમાં ગુજરાતની વિદ્યાકીય ધરોહરને પરિષ્કૃત કરતી સંસ્થા તરીકે કાર્ય કરે છે. તેના ત્રૈમાસિક દ્વારા તેમણે ગુજરાતના અનેક વિષયો ખોલી આપ્યા. 'ગુજરાતનો ઈતિહાસ', 'ભૂતત્વશાસ્ત્ર', 'ગુજરાતના પક્ષીઓ', 'દશમી શતાબ્દીનું ગુજરાત', 'ગુજરાતની સાંસ્કૃતિક સ્થિતિ', 'કબીર સંપ્રદાય અને ગુજરાતમાં તેનો પ્રચાર', 'સિંહસંવત' વગેરે વિશે વિદ્વાનોના લેખો પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત 'ભાષા સંશોધન', 'અર્વાચીન ગુજરાતનો આરંભકાળ', 'પારસી ગુજરાતી' જેવા લેખો દ્વારા ગુજરાતની ભાષા અંગેના લેખો પ્રાપ્ત થયા. 'મૂર્તિવિધાનની ઐતિહાસિકતાઓ', 'ગુજરાતની ચિત્રકલા', 'સંગીતમાં વાદ્ય-વાદનની શ્રેષ્ઠતા?', 'રતિશિલ્પો' જેવા લેખો દ્વારા અન્ય કળાઓ સંદર્ભે ત્રૈમાસિક કેટલું સમૃદ્ધ હતું તેનો ખ્યાલ આવે છે.

એપ્રિલ ૨૦૦૬ થી અર્થાત્ પુ. ૭૧ અંક ૨ થી 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' નું સંપાદન ગુજરાતી ભાષાના સુખ્યાત સર્જક-વિવેચક સિતાંશુ યશશ્ચંદ્રના તંત્રીપણા હેઠળ 'ગુજરાતી સભા'ને મુખ્ય બનાવીને વધુ પરિષ્કૃત થઈને પ્રગટ થઇ રહ્યું છે. આ સામયિકની નીચે મુજબની સૂચિ તૈયાર કરી છે.

૫.૨ લેખક સૂચિ

૫.૩ વિષય સૂચિ

૫.૪ શીર્ષક સૂચિ

'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' ની સૂચિઓ પ્રકરણ-૪ 'બુદ્ધિપ્રકાશ' માં આપવામાં આવેલ ઉદાહરણ પ્રમાણે તૈયાર કરવામાં આવી છે.

૫.૫ સમીક્ષાત્મક નિરીક્ષણોઃ

- ગુજરાતના પ્રથમ હરોળના સાહિત્યિક સામયિકોમાં 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' નો સમાવેશ થાય છે.
- સંશોધનાત્મક લેખો પ્રકાશિત કરે છે, અહીં સર્જનાત્મક કૃતિઓને સ્થાન અપાતું નથી.
- ફાર્બસ ગુજરાતી સભાના પ્રારંભથી જે હેતુઓ રાખવામાં આવ્યા છે તેનું નિર્વહણ સંપાદકોઓ કર્યું છે.
- કળા મીમાંસકો પોતાના ગુણવત્તા પૂર્ણ સંશોધન કાર્યને આ સામયિકમાં પ્રગટ કરવાં ઉત્સુક હોય છે. આમ ગુજરાતી સાહિત્યના ઘડતરમાં મૂલ્યવાન યોગદાન રહ્યું છે.
- 'સંપાદકીય' લખાણો સંપાદકના વિશિષ્ટ વાચનનો અને અભિગમનો પરિચય કરાવે છે.
- સિતાંશુ યશશ્ચંદ્રના સંપાદન પછી આ સામયિકે જે રીતે ક્લેવર બદલ્યું છે તેનાથી એક નવી આબોહવાનું નિર્માણ થયું છે.
- કોઈ વાદ, વર્ગ કે પૂર્વગ્રહ વિના, કોઇ જુથ કે વાડાબંધી વિના આ સામયિક નિષ્ઠાપૂર્વક અને સજ્જતાપૂર્વક કામ કરતા વિદ્વાનોમાટે પોતાના વિચારો પ્રગટ કરવાતી આવકારભરી સ્થિતિનું નિર્માણ કરે છે.
- અહીં પૂર્વ – પશ્ચિમ, ભાષા વગેરેના વાદો – વિવાદોથી પર રહીને નિર્ભિકપણે સંશોધકો પોતાના વિચારો રજૂ કરે છે. જે સાહિત્યની પારદર્શક છબિ નિર્માણ કરવામાં ઉચિત ભૂમિકા અદા કરે છે એમ કહી શકાય.

જે સમયમાં ગુજરાતી ભાષા ધીમે ધીમે હાંસિયામાં ધકેલાઈ જતી હોય તેવું લાગે છે, સાહિત્ય અને કળા પ્રત્યેની રસ-રુચિ ઘટતા જતા હોય તેવું માલુમ પડે છે અને નિર્ભિક રીતે પોતાનો અવાજ પ્રગટ કરવાના માધ્યમો ઓછા થતા જાય છે તેવા કપરાં કાળમાં પણ **'**ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' હવે 'ગુજરાતી સભા' રૂપે પૂરી પ્રતિબધ્ધતા, નિષ્ઠા અને ખંતથી સાહિત્ય અને કળા ચિંતનને ઉજાગર કરી રહ્યું છે, તે ઘટના આપણા આજના સમયમાં સિમાચિન્હ રૂપ ગણાય.

પ્રકરણ : ૬

તુલનાત્મક નિરીક્ષણો

આ પ્રકરણમાં મે અભ્યાસ સંશોધનમાં લીધેલા બે સામયિકો 'બુદ્ધિપ્રકાશ' અને 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક'માં પ્રકાશિત થયેલી ૨૦૦૧ થી ૨૦૧૦ સુધીની સર્જન વિવેચન સામગ્રીનો તુલનાત્મક અભ્યાસ કરીને એ બન્ને સામયિકોની સંયુક્ત ચર્ચા કરી છે. ગુજરાતી ભાષા અને સાહિત્યના ઘડતર અને વિકાસમાં આ બન્ને સામયિકોની ભૂમિકા કેવી રહી તેનો તુલનાત્મક વિચાર રજૂ કરવા પ્રયાસ કર્યો છે.

- આ બન્ને સામયિકોના પ્રકાશન અને સંચાલન સંદર્ભે ફાર્બસ કોઈ ને કોઈ રીતે મહત્ત્વના રહ્યાં છે.
- આ બન્ને સામયિકો જે સમયમાં પ્રકાશિત થયા તે સમય ગુજરાતી ભાષા, સાહિત્ય, શિક્ષણ અને સમાજ જીવનના સુધારાનો સમયગાળો ગણાય છે. એટલે કે આ બન્ને સામયિકો ગુજરાતી પ્રજાની સાહિત્ય પ્રત્યેની રુચિ કેળવવામાં અને સાહિત્ય સર્જન કરવાની દિશામાં અગત્યના રહ્યાં છે.
- આ બન્ને સામયિકો ગુજરાતી ભાષાના જ હોવા છતાં બન્નેની નીતિ, રીતિ અને સંપાદકીય દૃષ્ટિ અલગ છે. 'બુદ્ધિપ્રકાશ'મા સર્જનાત્મક આવિર્ભાવો પ્રારંભથી જ પ્રગટ થવા લાગ્યા અને તેની સાથે ઈતિહાસ, પુરાતત્ત્વ વગેરેને સ્થાન અપાતું રહ્યું. જયારે 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક'માં પ્રારંભથી જ સાહિત્ય, કળા, સંસ્કૃતિ, પુરાતત્ત્વ વગેરે વિષયોના સંશોધનાત્મક લેખો પ્રગટ થાય છે.
- 'બુદ્ધિપ્રકાશ'માં પ્રારંભથી જ સાહિત્ય, શિક્ષણ, સમાજ વગેરે ક્ષેત્રે બનતી 'સાંપ્રત' ઘટનાઓ પ્રગટ થાય છે. જયારે 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' આ પ્રકારે કોઈ પ્રાસંગિક બનાવ સાથે સંકળાતું નથી.
- ગુજરાતી ભાષાના ઉત્કર્ષની દૃષ્ટિએ આ બંને સામયિકોએ ભારે જહેમત ઉઠાવી છે.'બુદ્ધિપ્રકાશ'માં દલપતરામ ગુજરાતી જોડણીની એકવાક્યતા માટે મથી રહેલા જોઈ શકાય છે. એ સમયે તેમણે જોડણીની એકવાક્યતા માટે કમિટીની રચના કરેલી હતી. એ જ પરિપાટિએ વિચાર કરીએ તો 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' પણ સંશોધનની ઉચ્ચ ગરિમાને સ્થાન આપી અને એ દ્વારા ગદ્યના ઘડતરમાં મહત્ત્વનું યોગદાન આપે છે.

- ''બુદ્ધિપ્રકાશ' કરતાં 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' અદ્યતન ટેકનોલોજીનો લાભ ઉઠાવી સાંપ્રત સમય સાથે અનુસંધાન જાળવે છે.
- 'બુદ્ધિપ્રકાશ' આજે સ્થિર અને ઓછું ગતિમાન બનીને એકધારી સ્થિતિએ વહી રહ્યું છે. જયારે 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' સાહિત્ય અને કળા ક્ષેત્રે પ્રવર્તતી અરાજકતા, મૂલ્યહ્રાસ અને બીજા અનેક પ્રશ્નોનું ચિંતન અને ઉકેલની દિશામાં પ્રતિબદ્ધ બનીને પોતાનું ચિંતન વ્યક્ત કરે છે.

આમ, આ બન્ને સામયિકોની તુલના કરીને આખરે તો એ બન્ને સામયિકોની તાસીર અને તસવીર નજીકથી પામવાનો ઉપક્રમ છે.

પ્રકરણ : ૭

ઉપસંહાર

આ પ્રકરણમાં ગુજરાતી સાહિત્યિક સામયિકો વિશે જે સમજ કેળવાઈ તેના આધારે ઉપસંહાર રૂપે કેટલીક વિગતો મૂકવાનું વિચાર્યું છે.

આ શોધનિબંધ તૈયાર કરવા માટે ગુજરાતી સાહિત્યના સામયિકોની દુનિયામાં પ્રવેશવાનું બન્યું. સામયિકો સર્જન વિવેચનના સંવર્ધક પરિબળ તરીકે કેવી ભૂમિકામાં રહીને કામ કરે છે તે સામયિકના હેતુ દ્વારા જાણી શકાયુ છે. ગુજરાતી સાહિત્યિક સામયિકોના જુદા-જુદા યુગનું પરિદૃશ્ય નિહાળતાં અનેરા પરિતોષનો અનુભવ થાય તેવા માતબર સામયિકોની ભવ્ય પરંપરા ઊભી થયેલી જોઇ શકાય છે. આમ, ગુજરાતી સાહિત્યિક સામયિકોની ગતિવિધિ, પ્રકાશન સામગ્રી અને પરંપરાથી માહિતગાર થવાનું બન્યું. સાથે સાથે ગુજરાતી સાહિત્યિક સામયિકોના વિવેચન ગ્રંથોમાંથી પસાર થવાનું પણ બન્યું. આ અનુભવોને આધારે ગુજરાતી સાહિત્યિક સામયિકો વિશે કેટલાક નિરીક્ષણો રજૂ કર્યા છે.

વાડ્મયસૂચિ એક વિશિષ્ટ વ્યાપ્ત વિષય છે. તેની વ્યાખ્યા, હેતુ અને જરૂરિયાત જોયા પછી સંદર્ભ સાહિત્ય તરીકે સંશોધનમાં વાડ્મયસૂચિનાં મહત્વ વિશે જાણી શકાય છે.

આ બધા ઉપક્રમમાંથી પસાર થયા પછી ‘બુદ્ધિપ્રકાશ’ અને ‘ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક’ સામયિકોનો પરિચયાત્મક ઈતિહાસ આપ્યા બાદ વાઙ્મયસૂચિ તૈયાર કરી છે. આમ બન્ને સામયિકોના આદિથી અંત સુધીના પ્રવાહથી પરિચિત થવાનું પ્રાપ્ત થયું.

અંતમાં તુલનાત્મક નિરીક્ષણ રૂપે કહી શકાય કે ‘બુદ્ધિપ્રકાશ’ અને ‘ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક’ બન્ને સામયિકોનો મૂળ મંત્ર ગુજરાત અને ગુજરાતીઓનો સાહિત્ય દ્વારા ઉત્કર્ષ કરવા તરફનો દૃષ્ટિકોણ પ્રગટ થાય છે.

મહાનિબંધના અંતે પ્રસ્તુત અભ્યાસમાં સહાયરૂપ એવા સંદર્ભગ્રંથોની સૂચિ રજૂ કરી શોધનિબંધનું સમાપન કર્યું છે.